The Financial Express (Guj.)

March 8, 2017
Pg.16

EDII



### સ્ટાર્ટઅપમાં સાહસ ખેડવામાં મદદ કરવા માટે

# ઇડીઆઇઆઇએ તેના વિદ્યાર્થીઓ માટે ઇનક્યુબેશન સેન્ટર સ્થાપ્યું

પીટીઆઇ
કોલકત્તા,તા.૭

અમદાવાદ સ્થિત આંત્રપ્રિનિયોરશિપ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇ) તેના વિદ્યાર્થીઓને સ્ટાર્ટ-અપ્સમાં આગળ વધવાનો માર્ગ મોકળો થાય તે માટે ઇનક્યુબેશન સેન્ટર 'ક્રેડલ' કાર્યાન્વિત કરવાની દિશામાં આગળ વધી રહી છે. સંભવિત સ્ટાર્ટ-અપ્સને નાણાંકીય સહયોગ મળી રહે તે માટે ઇન્સ્ટિટ્યુટે બેંકો સાથે રૂ.૨૦ લાખ સુધીની સીડ કેપીટલ મળે તે માટે સહયોગ કર્યો છે.




અત્રે એ ઉલ્લેખનીય છે કે, ઇડીઆઇઆઇને નાણાંકીય સંસ્થાઓ જેવી કે આઇડીબીઆઇ બેંક, આઇએફસીઆઇ, આઇસીઆઇસીઆઇ બેંક અને એસબીઆઇ દ્વારા પ્રમોટ કરવામાં આવી છે. સંસ્થાના કાર્યાકારી અધ્યક્ષ મનોજ મીશ્રાએ જણાવ્યું કે, સંસ્થાનો ઉદ્દેશ્ય સામાજીક ઉદ્યોગસાહસિકો તૈયાર કરવાનો છે જે અંતે સામાજીક નેતા તરીકે ઉપસી આવે. ઇન્સ્ટિટ્યુટ વિદેશમાં ઉઝબેકીસ્તાન અને પાંચ આફ્રીકન દેશોમાં પણ સેન્ટર ઉભા કરવા સક્રિય છે.